# કથા-વ્યથા એક દીકરીની

-હરીશ્ચંદ્ર

મારાં માતાપીતાનાં અમે બે સંતાન- દીકરો અને દીકરી. હું પહેલી જન્મી, મારો ભાઈ દસ વરસ પછી જન્મ્યો. બાળપણથી જમારા ઉપર એવી છાપ કે મારાં માબાપને હું જોઈતી નહોતી. એમને જોઈતો હતો પહેલા ખોળે દીકરો; પણ જન્મી દીકરી. એટલે બન્નેનાં મન ખાટાં થઈ ગયેલાં. અને મારા ઉછેરમાં એ ખટાશ કાયમ રહી. હું વણજોઈતી છું, એમ મને હમેશાં લાગ્યા કર્યું.

તેમાં વળી મારા જન્મ પછી દસ વરસ સુધી બીજું સંતાન ન થયું. એટલે કાયમ બન્નેનાં મન ઉંચાં રહેતાં. એમનો એ ઉદ્વેગ અવારનવાર મારા ઉપર ઠલવાતો. છેવટે મારા ભાઈ દીલીપનો જન્મ થયો, ત્યારે ઘરમાં વાતાવરણ બદલાયું.

પરંતુ આ બદલાયેલું વાતાવરણ મારા માટે તો વધુ અકળાવનારું જ બની રહ્યું. ઘરમાં હવે દીકરો જ જાણે બધું હતું. એને રમાડવાનો, લાડ લડાવવાનાં, પાણી માગે તો દુધ આપવાનું. હું હવે મોટી થતી જતી હતી, એટલે સમજતી પણ થઈ હતી. ભાઈ મોટો થતો ગયો, તેમ તેમ મને હવે ઓછું આવવા લાગ્યું. ભાઈની ઝીણી ઝીણી બધી જ કાળજી લેવાતી, મારા પ્રત્યે કોઈ ધ્યાન જ નહોતું આપતું. ‘દીકરીની જાત છે’નો અહેસાસ મને પળેપળે થતો. આમ તો હું મોટી બહેન. મને નાના ભાઈ પ્રત્યે પ્રેમ થતો. પરંતુ માબાપના ભેદભાવભર્યા વર્તાવને કારણે મારું મન આળું થઈ જતું, તેથી ક્યારેક ભાઈ મને અળખામણો લાગતો.

એમ કરતાં કરતાં અમે ભાઈબહેન મોટાં થયાં. હું ભણી, ઘણું ભણી. એક બહુ મોટી કંપનીમાં મને નોકરી મળી. સારું કમાતી થઈ. દસ-બાર વરસમાં બહુ ઉંચા પદે પહોંચી ગઈ. ભાઈ પણ નોકરીએ લાગ્યો. એનાં લગ્ન થયાં. મારે લગ્નની જંજાળમાં પડવું નહોતું. હું એકલી જ રહી.

લગ્ન કરીને ભાઈ અમારી સાથે એકાદ વરસ રહ્યો હશે. પણ એની પત્નીને સાથે રહેવાની ઈચ્છા નહોતી. તેમાં ભાઈની બેંગલોર બદલી થઈ. એ બન્નેને તો ભાવતું’તું ને વૈદે કીધું! માબાપને ઘણી ઈચ્છા હતી કે દીકરો-વહુ એમને સાથે લઈ જશે; પણ જાતજાતનાં બહાનાં બતાવી એ બન્નેએ એમને ટાળ્યાં. છેવટે બેએક વરસે વહુની સુવાવડ વખતે બન્નેને બેંગલોર જવા મળ્યું.

બન્ને હોંશે હોંશે ગયેલાં. પણ દીલીપને ત્યાં પણ પહેલી દીકરી જન્મી, ત્યારે બન્નેનાં મન ફરી ખાટાં થઈ ગયાં. બીજી સુવાવડ વખતે તો બન્નેને હતું જ કે હવે કુળદીપક આવશે; પણ બીજીયે દીકરી જ આવી. આમેય વહુ સાથે મીઠો સંબંધ તો બહુ હતો જ નહીં. હવે વધુ ને વધુ બગડતો ગયો. છેવટે બન્ને આવીને મારી સાથે જ રહેવા લાગ્યાં.

હું એમને બહુ સારી રીતે રાખતી. પ્રેમથી એમની બધી જ કાળજી લેતી. છતાં એમનો જીવ હંમેશાં દીલીપમાં રહેતો. અવારનવાર એને યાદ કર્યા કરતાં. હું કહેતી, ‘તમે દીકરો-દીકરો કરીને યાદ કરો છો; પણ આ બે વરસમાં દીકરાનો બે લીટીનો કાગળ સુધ્ધાં આવ્યો છે? અને હમણાં ચાર-છ મહીનાથી તો ફોનથીયે તમારા ખબર નથી પુછ્યા !

તોય હું જોતી કે એમનું મન દીલીપમાં ખુંપેલું હતું. અને જ્યારે જાણ્યું કે વહુ ફરી સગર્ભા છે, ત્યારે તો બન્ને દીકરા પાસે જવા એકદમ તલપાપડ થઈ ગયાં. પરંતુ ભાભીએ આ વખતે પોતાનાં માબાપને બોલાવેલાં. આ બન્ન અહીં જ ઝુરતાં રહ્યાં.

અહીં રહ્યાં-રહ્યાં બન્ને શુભસમાચાર જાણવા એકદમ આતુર હતાં. છેવટે એક રાતે દીલીપનો ફોન આવ્યો કે ત્રીજુંયે કન્યારત્ન જ આવ્યું છે. મેં જ્યારે બન્નેને આ સમાચાર આપ્યા, ત્યારે તો જાણે એમના ઉપર આભ જ તુટી પડ્યું ! ‘અરે, ભગવાન! અમારો વંશવેલો ભુંસાઈ જવાનો !’

‘કેમ, આ ત્રણ દીકરીઓ તમારા વંશની નથી? એ તમારો વેલો નહીં વધારે?’

PDF created with pdfFactory trial version www.pdffactory.com

'દીકરી એ દીકરી અને દીકરો એ દીકરો. દીકરીથી કાંઈ વંશવારસો જળવાતો હશે? દીકરી તો ગયા જનમની લેણદાર !'

મને એકદમ ઝાળ લાગી ગઈ. 'કયા જમાનાની વાત કરો છો? હું તમારી લેણદાર છું?'

'ના, બેટા! એમ નહીં, પણ મુખાગ્ની તો દીકરો જ દેશે ને !'

'દીકરી કેમ નહીં દે?'

'દીકરીથી ન દેવાય. અને દીકરો હોય તો માબાપનો આધાર થાય.'

'તમારો દીકરો છે ને ! કેટલો આધાર થયો છે?'

'એ તો એની વહુને લીધે. બાકી, દીકરાનું ઘર એ જ આપણું ઘર કહેવાય. માણસ દીકરીને ઘરે રહે તે લાચારીથી. દીકરાને ત્યાં જ હક્કપુર્વક રહી શકાય.'

'તમે દીકરાને ત્યાં કેવા હક્કપુર્વક રહેતાં હતાં, તે મને ખબર છે. એ તો એમને ગરજ હતી એટલે તમને બોલાવેલાં. છતાં તમે જ કહેતાં કે દીકરા-વહુ બન્નેનું વર્તન તમારી સાથે કેટલું અતડું હતું ! માએ તો વહુ તરફથી થતું અપમાન કેટલું ગળી જવું પડતું !'

ઘડીક તો બન્ને થોડાં શાંત થઈ ગયાં. પણ પછી મા બોલી, 'અમે તો હવે પીળું પાન. કેટલા દીવસો કાઢવાનાં? પણ મારા દીલ્પ્યાને હે ભગવાન, હજી એક દીકરો થઈ જાય !'

દીકરો...દીકરો...દીકરો... હું તંગ આવી ગઈ. મને દીલીપે કહેલું પણ આમને જણાવવાની ના પાડેલી, એટલે મેં કહ્યું નહોતું. હવે મારાથી રહેવાયું નહીં. 'હવે તે શક્ય નથી. તું ગમે તેટલી પ્રાર્થના કરે કે બાધા-આખડી રાખે, દીલીપને હવે દીકરો થવાનો નથી.'

'કેમ, કેમ શું કામ નહીં થાય?'

'કેમ કે ભાભીએ આ વખતે ઑપરેશન કરાવી નાખ્યું છે.'

'શું?...શું?' બન્નેને માથે આભ તુટી પડ્યું. બાપુએ બે હાથે કપાળ કુટ્યું અને મા નીચે ફસડાઈ પડી. આ દીકરી મનમાં ને મનામાં સમસમી રહી !

(શ્રી માલતી જોશીની મરાઠી વાર્તાને આધારે)

**--હરીશ્ચંદ્ર..**

વર્ષોથી **'ભુમીપુત્ર'** પાક્ષીકના છેલ્લે પાને પ્રગટતી **'હરીશ્ચંદ્ર'**ની એક જ પાનાની વાર્તાએ **'ભુમીપુત્ર'** માટે અને લેખીકા બહેન **'હરીશ્ચંદ્ર'** માટે ગજબનું આકર્ષણ વાચકોમાં ઉભું કર્યું છે. તે એટલે સુધી કે વાચકો અંક મળતાં પહેલાં છેલ્લા પાનાની વાર્તા જ વાંચે, પછી જ બીજું વાંચે..અમારું પણ એવું જ..

તા.૧ જાન્યુઆરી ૨૦૦૬ના **'ભુમીપુત્ર'**ના અંકમાંથી , **'સન્ડે મહેફીલ'** માટે, **'વીજયા'** ફોન્ટમાં સાભાર...અક્ષરાંકન: **uttamgajjar@hotmail.com** **: March 19, 2006**

PDF created with pdfFactory trial version www.pdffactory.com